અપીલ અરજી નં.૧૯૭ તા.૨૪–૯–૦૯/૧૦

અરજદારઃ– શ્રી અસદ રમજાનીભાઈ શેખ

સામાવાળાઃ– શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન (એ.આર.ડી)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :–*** આરટીઆઈ એકટ હેઠળ શ્રી અસદ રમજાનીભાઈ શેખની તા.૨૯–૮–૦૯ ની અરજીથી ૧૦/૨૪૩૮ ની મિલકતની કટબુકની નકલ અને નોંધ અને અન્ય અરજી, શેરા ફેરફારની વિગત, મિલ્કતનો કટબુક અને ઉતારો સને ૧૯૯૯–૨૦૦૦, ૨૦૦૦–૨૦૦૧ની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૨૪–૯–૦૯ ની અપીલ અરજી નં.૧૯૭/૨૦૦૯–૧૦

શ્રી અસદ રમજાનીભાઈ શેખની તા.૨૯–૮–૦૯ ની અરજીથી ૧૦/૨૪૩૮ ની મિલકતની કટબુકની નકલ અને નોંધ અને અન્ય અરજી, શેરા ફેરફારની વિગત, મિલ્કતનો કટબુક અને ઉતારો સને ૧૯૯૯–૨૦૦૦, ૨૦૦૦–૨૦૦૧ની માહિતી આપવા બાબતે શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલ ઝોન (એ.આર.ડી)ના પત્ર નં.એ.આર.ડી./૬૫ તા.૧૫–૯–૦૯ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૪–૯–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૧૩ તા.૩૦–૯–૦૯ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન (એ.આર.ડી)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી નં.એ.આર.ડી/૬૫ તા.૧૩–૧૦–૦૯ ના રોજ અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં અરજદારને માહિતી અંગે પાઠવેલ પત્ર નં.એ.આર.ડી/૬૫ તા.૧૫–૯–૦૯ ની નકલ, નોંધ વિભાગ તથા અરજદારની મુળ અરજી તેમજ અરજદારને દસ્તાવેજી માહિતી પૂરી પાડવા માટે તા.૮–૯–૦૯ ના રોજ પાઠવેલ પત્ર નં.સીસીસી/સી.ઝેડ/૨૧૮ ની નકલ રજૂ કરેલ છે. જેમાં રૂા.૧૦/– માહિતી મેળવવા જણાવેલ છે. જે અંગે અરજદારે રસીદ નં.૭૮૬૦૫ તા.૮–૯–૦૯ ના રોજ ભરપાઈ કરી માહિતી મેળવ્યાની સદર પ્રત ઉપર અરજદારે સહી કરેલ છે તેની નકલ રજૂ કરેલ છે તથા અરજદારને પૂરી પાડેલ માહિતી પત્ર 'ઘ' ના પત્રની નં.એ.આર.ડી/૬૫ તા.૧૫–૯–૦૯ ના પત્રની નકલ, ૧૯૯૯–૨૦૦૦ ના કટબુકની નકલ પૂરક વિગતોમાં પૂરી પાડેલ છે.

અરજદારની તા.૨૯–૮–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી ૧૦/૨૪૩૮ ની મિલકતની કટબુકની નકલ અને નોંધ અને અન્ય અરજી, શેરા ફેરફારની વિગત, મિલ્કતનો કટબુક અને ઉતારો સને ૧૯૯૯–૨૦૦૦, ૨૦૦૦–૨૦૦૧ની માહિતી માંગવામાં આવેલ. જે અંગે એ.આર.ડી./૬૫ તા. ૧૫–૯–૦૯ થી અરજદારને " વોર્ડ નં.૧૦ નોંધ નં.૨૪૩૮ થી નોંધાયેલ મિલ્કતમાં પ્રથમ કરપાત્ર વ્યકિત તરીકે જમીન સુરત મહાનગરપાલિકાના ઈમલેદાર શ્રી હાજીભાઈ ચાંદભાઈ શેખ અસદ રમજાની શેખનું નામ નોંધાયેલ છે જેના ભાડુત ટેના નં.૧૦બી–૧૫–૧૧૧૧–૦–૦૦૧ ઉપર એડવર્ડ વોશીંગ કુા. તથા ઓકયુપાયર ૦૦૨ ઉપર શ્રી અબુભાઈ ગનીભાઈનું નામ નંધાયેલ છે. જેના સને ૧૯૯૯–૨૦૦૦ ના કટબુકની ઉતારાની નકલ રજૂ કરેલ છે. જેના અનુસંધાને અરજદારે તા.૨૪–૯–૦૯ ના રોજ સદર મિલ્કતની માંગવામાં આવેલ કટબુકની નકલ પૈકી ૨૦૦૦–૨૦૦૧ ની નકલ પૂરી પાડવામાં આવેલ નથી તેવી રજૂઆત અપીલ તબકકે કરેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પૂરક વિગતોમાં પત્ર નં.એ.આર.ડી./૬૫ તા.૧૩–૧૦–૦૯ થી " આકારણી વિભાગ ધ્વારા દર ચાર વર્ષે કટબુક તેમજ એસેસમેન્ટ રજીસ્ટર પ્રસિધ્ધ કરવાના હોય છે જે મુજબ વોર્ડ નં.૧૦ નોંધ નં.૨૪૩૮ થી નોંધાયેલ મિલ્કતના સને ૧૯૯૯–૨૦૦૦ માં કટબુક અને એસેસમેન્ટ રજીસ્ટર પ્રસિધ્ધ કરવામાં આવેલ હતા. ફીરથી ચાર વર્ષ બાદ સને ૨૦૦૩–૦૪ માં નવા કટબુક અને એસેસમેન્ટ રજીસ્ટર પ્રસિધ્ધ કરવામાં આવેલ. જેથી અરજદાર તરફથી માંગ્યા મુજબ સને ૧૯૯૯–૨૦૦૦ અને ૨૦૦૦–૨૦૦૧ ની નકલો ને બદલે તેઓને ૧૯૯૯–૨૦૦૦ ના વર્ષની કટબુકની નકલ આપવામાં આવેલ છે. " તેવી રજૂઆત કરેલ છે. આમ અરજદારને માંગ્યા મુજબની માહિતી પૂરી પાડેલ જણાય છે.

***<u>હુકમ</u>***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૯–૮–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી અંગે દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પૂરી પાડવામાં આવેલ હોઈ માહિતી અંગે કોઈ હુકમ કરવાનો રહેતો ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીનો દિન–૭ માં આગોતરો સમય મેળવી આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળ ઠરાવેલ તપાસણી ફી લાગુ કિસ્સામાં ભરપાઈ કરી લાગત દફતરની તપાસણી કરવા સ્વતંત્ર છે. અરજદાર તરફથી તેવી માંગણી થયે હુકમ મુજબ અમલવારી કરવા શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન (એ.આર.ડી)ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦ – ૦૯

***ડે.કમિશનર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી.સેન્ટ્રલઝોન(એ.આર.ડી.).... જાણ તથા અમલ માટે
(૨) શ્રી અસદ રમજાનીભાઈ શેખ,